નવગુજરાત સમય, પાના નં. ૧૨, તા. ૨૧.૦૩.૨૦૨૫

// વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ-શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ મંજૂર કરાઈ

# અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-2નું કામ ત્રણ મહિના બાદ જૂન સુધીમાં પૂર્ણ કરાશે

■ ઈન્દિરા બ્રિજથી ગાંધીનગર સુધીના રિવરફ્રન્ટના વિકાસના ફેઝ-3થી 7 તબક્કા ઝડપથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન: ઋષિકેશ પટેલ

નવગુજરાત સમય > ગાંધીનગર

■ રાજ્ય વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વિભાગીય બજેટ (માગણી) પર ચર્ચા મંત્રીના જવાબને અંતે બહુમતીથી મંજૂર કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વતી આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ચર્ચાનો જવાબ આપતા કહ્યું હતું કે, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2નું લગભગ 78.33 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને પ્રોજેક્ટ જૂન-2025 અર્થાત સંભવતઃ 3 માસ દરમિયાન આ કામ પણ પૂર્ણ કરવાનું આયોજન છે. એવી જ રીતે સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું લગભગ 57.20 ટકા કામ પૂર્ણ થયું છે અને આ પ્રોજેક્ટ પણ ઓક્ટોબર-2025 સુધીમાં પૂર્ણ કરવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત, સાબરમતી નદીના કિનારે ભારતના સૌથી લાંબા રિવરફ્રન્ટના વિકાસ ફેઝ-3થી ફેઝ-7 (ઇન્દિરા બ્રિજથી ગાંધીનગર) તબક્કાની શરૂઆત સાથે વેગ પકડશે અને તે આગામી 3 વર્ષમાં તે પૂર્ણ કરવાનું આયોજન છે. આ માટે વર્ષ 2025-26ના બજેટમાં રૂ. 100 કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની રૂ. 25,399 કરોડની માગણી(બજેટ)ઓ રજૂ કરાઈ છે. ગુજરાતના શહેરોની વિકાસ યાત્રાને આગળ ધપાવવા રાજ્ય સરકારે વર્ષ-2025ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. આ માટે ગત વર્ષની સરખામણીએ આ વર્ષનું બજેટ આશરે 40 ટકા વધારીને રૂ. 30,325 કરોડ કરાયું છે. વર્ષ 2025-26ના બજેટમાં નવરચિત 9 મહાનગરપાલિકાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ. 450 કરોડની નવી બાબતની જોગવાઈ સાથે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કુલ રૂ. 13,297 કરોડની જોગવાઈ સૂચવાઈ છે.

જેમાંથી આ નવી 9 મહાનગરપાલિકા અને 13 અ-વર્ગની નગરપાલિકામાં ગૌરવ પથ(આઈકોનિક રસ્તા)નો વિકાસ કરવાના હેતુથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે વર્ષ 2025-26માં ગૌરવ પથ માટે કુલ રૂ. 200 કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. જ્યારે જામનગર, જૂનાગઢ, ભાવનગર, ગાંધીનગર અને ભરૂચ-અંકલેશ્વર માટે 'સ્ટેટ એર ક્લિન પ્રોગ્રામ'ના અમલીકરણ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

## ધાર્મિક સ્થળો સાથેના શહેરોમાં 200 કરોડના ખર્ચે માળખાગત સુવિધા વિકસાવાશે

વિધાનસભામાં મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યના વિવિધ 15 જિલ્લામાં 338 જેવા પ્રખ્યાત ધાર્મિક સ્થળો આવેલા છે. વર્ષ 2025-26ના અંદાજપત્રમાં "ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસ" યોજના હેઠળ કુલ રૂ. 200 કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં દ્વારકા, સોમનાથ, બેચરાજી, પાવાગઢ, સિદ્ધપુર, કપડવંજ, પાટણ અને પાલિતાણા જેવા ધાર્મિક તીર્થસ્થાનોની સંભાવનાઓનો પૂરતો ઉપયોગ કરીને યાત્રાળુઓ અને પ્રવાસીઓના અનુભવોને વધારીને અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે વિવિધ માળખાગત સુવિધાઓ અને પ્રમોશન વ્યૂહરચનાઓ પર રોકાણ કરાશે.